ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

ભાજપના જ ગઢમાં કેસરિયા કાર્યકરોએ મત લીધા પણ સંકટ સમયે મોઢું છુપાવ્યુંનો આક્ષેપ

વસોમાં ૧૭ ઈંચ મેઘતાંડવ : તંત્ર-નેતાઓ સામે આક્રોશ

વસોના ૨૦૦થી વધુ મકાન-દુકાનોમાં કમર સમા પાણી ઘૂસ્યા

નવી ડ્રેનેજ સિસ્ટમ ફેલ થતા ૨૦ વર્ષમાં પહેલીવાર સર્જાઈ આવી ભયાનક સ્થિતિ

વસો ગામમાં સર્જાયેલી જળબંબાકારની સ્થિતિના ડ્રોન દ્રશ્યોમાં ગામનો મોટોભાગ પાણીમાં ગરકાવ થયેલો સ્પષ્ટ દેખાય છે. ખારીકુઈ અને ઈન્દિરા નગરી જેવા વિસ્તારોની હાલત અત્યંત ગંભીર છે અને સમગ્ર ગામ જાણે કોઈ જળાશયમાં ફેરવાઈ ગયું હોય તેમ જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે.

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧

વસો તાલુકામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. માત્ર ૪૮ કલાકમાં ૧૭ ઈંચ જેટલો મુશળધાર વરસાદ ખાબકતા સમગ્ર પંથક બેટમાં ફેરવાઈ ગયો છે. વસો ગામના કાછિયા પટેલની પોળ સહિતના વિસ્તારોમાં જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. જોકે, આ કુદરતી આપત્તિમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને લોકપ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સામે આવતા જનતાનો રોષ સાતમા આસમાને પહોંચ્યો છે.

આ કપરી પરિસ્થિતિમાં સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે ભાજપના પાયાના કાર્યકરો જ સરકાર સામે સવાલો ઉઠાવી રહ્યા છે. કાછિયા પટેલની પોળમાં રહેતા અને વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા મહિલા કાર્યકર ગીતાબેન કાછિયાએ ખુલ્લેઆમ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, તેમનો વિસ્તાર હંમેશા ભાજપને મત આપતો આવ્યો છે, તેમ છતાં આફતના સમયે સરપંચ કે ધારાસભ્ય સહિતનો કોઈ પણ નેતા તેમની વ્હારે આવ્યો નથી. બે દિવસથી લોકો કમર સુધીના પાણીમાં ફસાયેલા છે છતાં કોઈ નેતાએ ફરકવાની તસ્દી સુદ્ધાં લીધી નથી.

વસોના નીચાણવાળા વિસ્તારો અને બજારોમાં પાણી ભરાઈ જવાથી અંદાજે ૨૦૦ જેટલી દુકાનો અને રહેણાંક મકાનોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. જેના કારણે વેપારીઓ અને સામાન્ય નાગરિકોને વ્યાપક આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ગ્રામજનોના મતે, છેલ્લા ૨૦ વર્ષમાં પહેલીવાર આટલા મોટા પ્રમાણમાં વરસાદી પાણી ભરાયા છે. આ ઉપરાંત, હજારો વીઘા ખેતીલાયક જમીન જળમગ્ન બની જતાં ખેડૂતોના માથે પણ પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે.

જ્યારે સ્થિતિ બેકાબૂ બની ત્યારે પંચાયત દ્વારા અત્યંત મોડા તબક્કે પાણીના વહેણ વચ્ચે માત્ર દોરડા બાંધવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દેખાડા જેવી કામગીરી જોઈને સ્થાનિકોનો પિત્તો ગયો હતો અને કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રોષે ભરાયેલા લોકોએ તંત્રના જવાબદારોને ત્યાંથી ભગાડી મુક્યા હતા.

ગ્રામજનોનો સીધો આક્ષેપ છે કે અગાઉ જ્યારે સ્લેબ ડ્રેનેજવાળી વ્યવસ્થા હતી ત્યારે પાણીનો નિકાલ ઝડપથી થઈ જતો હતો. પરંતુ તંત્ર દ્વારા ભૂંગળા નાખીને પાણીના નિકાલની નવી વ્યવસ્થા ઉભી કર્યા બાદ આ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. ઉપરાંત, ગામમાં આવેલી કાંશની સમયસર સફાઈ ન કરવામાં આવી હોવાથી પાણીનો નિકાલ અવરોધાયો હતો.

તારાપુર પાસે નદીમાં કૂદી પડનારા યુવકની લાશ મળી

વટામણના યુવાનનો મૃતદેહ ૨૪ કલાકે મિતલીથી મળ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા. ૧

તારાપુરના ગલીયાણા પાસે સાબરમતી નદીના ધસમસતા પ્રવાહમાં મોતની છલાંગ લગાવનાર વટામણના 19 વર્ષીય યુવાનનો મૃતદેહ ૨૪ કલાકની શોધખોળ બાદ ખંભાતના મિતલી ગામ પાસેથી મળી આવ્યો છે. ગલીયાણા બ્રીજ પરથી કૂદકો માર્યા બાદ નદીના તેજ વહેણને કારણે યુવાન પાણીમાં લાપતા થયો હતો.

મળતી માહિતી મુજબ, આણંદ જિલ્લાના તારાપુર પંથકમાં છેલ્લા ૩૬ કલાકમાં ૯ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો હતો. આ સાથે જ ઉપરવાસમાંથી પાણી છોડાતા સાબરમતી નદીના વહેણ અત્યંત તીવ્ર હતા. આ સ્થિતિમાં ગઈકાલે બપોરના સુમારે ગલીયાણા બ્રીજ પરથી વટામણના રહેવાસી રોહિત અશોકભાઈ મકવાણાે એ એકાએક નદીમાં ઝંપલાવ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ તારાપુર અને ખંભાત પોલીસ સહિત NDRFની ટીમ અને વહીવટી તંત્ર દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ૨૪ કલાકની જહેમત બાદ આજે યુવાનનો મૃતદેહ ખંભાતના મિતલી ગામ પાસેથી મળી આવ્યો હતો, જેને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખંભાત હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ જિલ્લાના પાંચ મુખ્ય માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરાયાં

તારાપુર, બોરસદ, સોજીત્રા અને પેટલાદ તાલુકાના રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા. ૧

આણંદ જિલ્લામાં બે દિવસથી થઈ રહેલા અતિભારે વરસાદને પરિણામે સર્જાયેલી જળબંબાકારની સ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્ર અને માર્ગ-મકાન વિભાગ દ્વારા પાંચ મુખ્ય માર્ગો તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યા છે. રસ્તાઓ પર વરસાદી પાણીનું સ્તર જોખમી રીતે વધતા (ઓવર ટોપિંગ) વાહનચાલકોની સલામતી માટે આ કડક નિર્ણય લેવાયો છે.

આણંદના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર હિતેશભાઈ ગઢવીના જણાવ્યા અનુસાર, વરસાદી પાણીના પ્રવાહને કારણે તારાપુર તાલુકોના ખાખસર ક્રોસિંગથી કાનાવાડા રોડ અને જીણજ-પાદરા રોડ, બોરસદ તાલુકાના રાસ-વિરસદ રોડ, પેટલાદ તાલુકાના દંતાલી-ફાંગણી-ભાટિયેલ રોડ અને વડતાલ-વલેટવા-ચાંગા-મલાતજ-ડભોઉ રોડ બંધ કરવામાં આવ્યો છે.

આ માર્ગો બંધ થવાથી તારાપુરના કનેવાલ, જીણજ; બોરસદના વિરસદ, રાસ; પેટલાદના દંતાલી, ફાંગણી અને સોજીત્રાના ડભોઉ સહિતના અનેક ગામોના રહીશોને અવરજવરમાં અસર પડી છે. તંત્ર દ્વારા અસરગ્રસ્ત સ્થળો પર સાવચેતીના બેનરો લગાવી દેવામાં આવ્યા છે.

વૈકલ્પિક વ્યવસ્થા

- » તારાપુર તરફ જવા: કનેવાલથી તારાપુર થઈ કાનાવાડા અથવા કનેવાલથી ઈન્દ્રણજ થઈ તારાપુર જઈ શકાશે.
- » વિરસદ તરફ જવા: રાસથી ઝારોલા અને ત્યાંથી ચુવા થઈ વિરસદના માર્ગનો ઉપયોગ કરવો.
- » ફાંગણી તરફ જવા: દંતાલીથી પેટલાદ કોલેજ ચોકડી થઈ રંગાઈપુરાથી ફાંગણી તરફનો રસ્તો ખુલ્લો છે.

પેટલાદના રાવલી ગામમાં જુગાર રમતા ૭ ઝડપાયા

મહેળાવ પોલીસે રૂા. ૫,૪૧૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) પેટલાદ તા. ૧

મહેળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા માટે હાથ ધરાયેલા ખાસ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે રાવલી ગામેથી જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

મહેળાવ પોલીસ કાફલો પૂર્વ બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ બળવંતસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાવલી ગામના મંગાવાળા ફળિયામાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસની ઘેરાબંધી દરમિયાન સ્થળ પરથી પત્તા-પાનાનો હાર-જીતનો જુગાર રમતા રિયાઝમીયા ફરીદમીયા મલેક, સજાઉદ્દીન એયાજુદ્દીન શેખ, આસીકમીયા કૈયુમીયા મલેક, ઈરફાનમીયા કાલુમીયા મલેક, કમરૂમીયા સફીમીયા મલેક, રિયાઝમીયા ભુલામીયા મલેક અને આસીફોદ્દીન ફરીદોદ્દીન શેખ નામના ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે આરોપીઓની અંગઝડતીમાંથી મળેલ રોકડા રૂ. ૫,૦૬૦ તથા દાવ પરથી મળેલ રૂ. ૩૫૦ અને પત્તા-પાના મળી કુલ રૂ. ૫,૪૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મહેળાવ પોલીસે પકડાયેલા તમામ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

નડિયાદના ભાનુ ભરવાડની શોધખોળમાં પોલીસ 'વામણી'

નડિયાદના ભૂમાફિયા પિતા અને પુત્રના આગોતરા કોર્ટે ફગાવ્યા

ગુનાહિત ઇતિહાસ ધરાવતા ભાનુ ભરવાડ અને પુત્ર નવઘણ ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧

નડિયાદના બિલોદરા વિસ્તારમાં વર્ષોથી જમીન પચાવી પાડવા અને આતંક મચાવવા માટે કુખ્યાત બનેલા ભૂમાફિયા ભાનુ જોધા ભરવાડ અને તેના પુત્ર રાજેશ ઉર્ફે નવઘણ ભરવાડને કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. નડિયાદ કોર્ટે બિલોદરામાં જમીન પચાવી પાડવાના ગુનામાં સંડોવાયેલા આ બંનેના આગોતરા જામીનની અરજી નામંજૂર કરી દીધી છે. જોકે, ગુનો નોંધાયાના દિવસો બાદ પણ આ પિતા-પુત્ર હજુ પોલીસ પકડથી દૂર છે.

ખેડા જિલ્લા પોલીસ અત્યાધુનિક ટેકનિકલ સર્વેલન્સથી ગુનેગારોને પકડવાના દાવા કરે છે, પરંતુ દાયકાઓથી આતંક મચાવતા આ પિતા-પુત્ર સામે પોલીસનો પન્નો ટૂંકો પડી રહ્યો છે. ભાનુ ભરવાડનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ચોંકાવનારો છે. તેણે અગાઉ બિલોદરા જેલ પાસેની પોતાની આઈસ ફેક્ટરીમાં મસમોટી વીજચોરી કરી હતી, જેના બદલ તેને રૂ. 99.51 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

વધુમાં, તંત્ર દ્વારા બિલોદરા ચોકડી પાસેની સરકારી જમીન પર તેણે કરેલા ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા હોવા છતાં, તેણે ફરીથી ત્યાં દુકાનો બાંધીને ભાડે આપી દઈ તંત્રને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. વર્ષ 2009થી નિર્મલનગર સોસાયટીનો કોમન પ્લોટ પચાવી પાડનાર અને અરજદારને 'ટાંટિયા ભાંગી નાખવાની' ધમકી આપનાર આ ભૂમાફિયાઓને પકડવામાં પોલીસ ક્યારે સફળ થાય છે તે હવે જોવાનું રહ્યું.

લુણાવાડાના દુષ્કર્મ કેસમાં નરાધમને ૨૦ વર્ષની કેદ

લાલસરના આરોપીને જેલની સજા સાથે ૩. ૩ લાખનું વળતર ચૂકવવા આદેશ

(પ્રતિનિધિ) લુણાવાડા તા. ૧

લુણાવાડા સ્થિત સ્પેશિયલ પોક્સો કોર્ટે સગીરાના યૌન શોષણના ગંભીર કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતા આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે સજાની સાથે પીડિતાને ૩ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

લુણાવાડા તાલુકાના લાલસર ગામના રહેવાસી કિરીટભાઈ શાંતિલાલ પ્રજાપતિએ વર્ષ ૨૦૨૫માં એક સગીરાને લલચાવી-ફોસલાવીને ભગાડી જઈ તેનું શારીરિક શોષણ કર્યું હતું. આ મામલે કોઠંબા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસ મહિસાગરના સ્પેશિયલ પોક્સો જજ અને એડિશનલ સેશન્સ જજ એન.જી. દવે સાહેબની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. જેમાં સરકાર પક્ષે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીએ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ સાથે ધારદાર દલીલો રજૂ કરી હતી. કોર્ટે સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો અને કિરીટ પ્રજાપતિને ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા સંભળાવી છે.

નરાધમે રાત્રિના સમયે સગીરા સાથે ચારેક વખત દૂષ્કર્મ ગુજાર્યું

ઉમરેઠની સગીરા પર દૂષ્કર્મ બાળકનો જન્મ થતાં ભાંડો ફુટ્યો

સુંદલપુરા ગામના ૨૮ વર્ષીય યુવકે સગીરાને હવસનો શીકાર બનાવી

(પ્રતિનિધિ) આણંદ તા. ૧

ઉમરેઠ પંથકમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૧૬ વર્ષની સગીરા પર વારંવાર દુષ્કર્મ ગુજારી તેને ગર્ભવતી બનાવનાર શખ્સ સામે ઉમરેઠ પોલીસ મથકે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે સગીરાએ બાળકને જન્મ આપ્યો, જેના કારણે ગ્રામ્ય પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૫ ના નવેમ્બર-ડિસેમ્બર માસ દરમિયાન સુંદલપુરા ગામમાં રહેતા ૨૮ વર્ષીય કનુભાઈ બુધાભાઈ ઝાલા નામના શખ્સે ભોગ બનનાર સગીરા પર પોતાની કુદ્રષ્ટિ કરી હતી. આ નરાધમે રાત્રિના સમયે સગીરા સાથે છૂપી રીતે અંદાજે ચારેક વખત દૂષ્કર્મ ગુજાર્યું હતું. આ શારીરિક શોષણને કારણે સગીરા ગર્ભવતી બની હતી.

જોકે, સગીરા ગર્ભવતી હોવાની જાણ પરિવારને નહોતી, પરંતુ તાજેતરમાં જ્યારે સગીરાએ એક બાળકને જન્મ આપ્યો ત્યારે આ કમકમાટીભર્યું કૃત્ય બહાર આવ્યું હતું. સગીરાએ અપરિપક્વ ઉંમરે બાળકને જન્મ આપતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને તુરંત જ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ મામલે સગીરાના પરિવાર દ્વારા ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ આધારે પોલીસે કનુ બુધાભાઈ ઝાલા વિરુદ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમરેઠમાં ગરનાળામાં ડૂબી જવાથી આધેડનું કરુણ મોત

પ્રતાપપુરાના આધેડ ઘરેથી શાકભાજી લેવા નીકળ્યા બાદ મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧

ઉમરેઠ તાલુકાના પ્રતાપપુરા (દુધાપુરા વિસ્તાર)માં રહેતા એક ૫૦ વર્ષીય આધેડ શાકભાજી લેવા નીકળ્યા બાદ ગુમ થયા હતા, જેમનો મૃતદેહ બીજા દિવસે નાળાના પાણીમાંથી મળી આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર, પ્રતાપપુરાના દુધાપુરા વિસ્તારમાં રહેતા ઉધાભાઈ જેનાભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૦) શુક્રવારે સાંજે 'શાકભાજી લેવા જાઉં છું' તેમ કહીને ઘરેથી નીકળ્યા હતા. જોકે, મોડી રાત સુધી તેઓ પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને તેમની શોધખોળ હાથ ધરી હતી.

જોકે, શનિવારે બપોરે પ્રતાપપુરાથી દુધાપુરા જવાના માર્ગ પર રાગણી માતાના મંદિર પાસે આવેલા પુલ નીચેના નાળામાંથી ઉધાભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. વરસાદી પાણી ભરેલા આ નાળામાં કોઈ અગમ્ય કારણોસર ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.

આ ઘટનાની જાણ થતા જ ખંભળોજ પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

તારાપુર પાસે અકસ્માતમાં કટર વડે પતરાં કાપી ડ્રાઈવરનો જીવ બચાવાયો

આઇસર માર્ગ પર ઉભેલા ટેન્કર પાછળ અથડાતાં કેબિનનો બુકડો બોલી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા. ૧

તારાપુર ચોકડી પાસે આજે વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં રાજકોટથી વડોદરા જતી એક આઈસર ટ્રક માર્ગ પર ઉભેલા ટેન્કર પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે આઈસર ટ્રકની કેબિનનો લોચો વળી ગયો હતો અને તેનો બુકડો બોલી ગયો હતો, જેના કારણે ડ્રાઈવર કેબિનમાં જ ગંભીર રીતે ફસાઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતા જ કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટ્રકની કેબિન ખરાબ રીતે ચેપાઈ ગઈ હોવાથી ડ્રાઈવરને બહાર કાઢવા મુશ્કેલ બન્યા હતા. આથી ફાયર વિભાગની ટીમે તાત્કાલિક હાઈડ્રોલિક કટરનો ઉપયોગ કરીને કેબિનના પતરાં કાપવાની કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ફસાયેલા ડ્રાઈવર જયેશભાઈ ગોહિલને કેબિનમાંથી જીવિત બહાર કાઢવામાં સફળતા મળી હતી.ટીમની સમયસૂચકતા અને સારવાર ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ સબ ઓફિસર હિંમત ભુરીયા, લીડિંગ પ્રદીપ પરમાર અને તેમની ટીમે આ સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું. બહાર કાઢ્યા બાદ તુરંત જ ઈજાગ્રસ્ત જયેશભાઈને સારવાર માટે 108 એમ્બુલન્સની ટીમને સોંપવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં ફાયર ડ્રાઈવર અવિનાશ પરમાર અને ફાયરમેન નરેશ ચરપોટ, કૌશિક દેવધા તથા પ્રવીણ પરમાર જોડાયા હતા, જેમની સમયસૂચકતાને કારણે જાનહાનિ ટળી હતી.

કરમસદમાં પતિએ પત્નીને પટ્ટાથી બેફામ મારમાર્યો

(પ્રતિનિધિ) આણંદ તા. ૧

કરમસદ ગામે ૧૩ વર્ષ જૂના લગ્નજીવનમાં ભંગાણ પડતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મોબાઈલ ફોનમાં પત્નીનો તેના મિત્ર સાથેનો ફોટો જોઈ ઉશ્કેરાયેલા પતિ અને સાસુ-સસરાએ પરિણીતા પર લાકડી, પટ્ટા અને ઢીકાપાટુ વડે અમાનુષી અત્યાચાર ગુજાર્યો હોવાની ફરિયાદ વિદ્યાનગર પોલીસ મથકે નોંધાઈ છે.

કરમસદ ખાતે રહેતા ૩૪ વર્ષીય સંગીતાબેનના લગ્ન ૧૩ વર્ષ અગાઉ ઘનશ્યામભાઈ જીલુભાઈ સાથે થયા હતા. છેલ્લા છ મહિનાથી સાસરિયાઓ દ્વારા તેમને ઘરકામ બાબતે મેણાં-ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ગત ૨૧મી જુલાઈ ૨૦૨૬ના રોજ પતિ ઘનશ્યામભાઈએ સંગીતાબેનનો મોબાઈલ ચેક કરતા તેમાં તેમના મિત્ર સાથેનો ફોટો જોઈ જતાં વિવાદ સર્જાયો હતો. આ બાબતની અદાવત રાખી પતિએ પરિણીતાને લાકડી અને પટ્ટા વડે બેફામ માર માર્યો હતો. બાદમાં સસરા જીલુભાઈ ટપુભાઈ અને સાસુએ પણ પરિણીતાના ગળા પર પગ મૂકી, વાળ પકડીને ક્રૂરતાપૂર્વક માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં કાકી-સાસુ મીનાબેને વચ્ચે પડી પરિણીતાનો બચાવ કર્યો હતો.

બીજે દિવસે સવારે પીડિત પરિણીતા ત્યાંથી ભાગીને પોતાના પિયર કાનીયાડ પહોંચી હતી અને બોટાદની હોસ્પિટલમાં સારવાર લીધી હતી. હાલમાં વિદ્યાનગર પોલીસે પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.